# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 7-10-2024 Midday : 1.20 to 1.30
Day : Monday National News

### આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને માલદીવના રાષ્ટ્રપતિ ડૉ. મહોમ્મદ મુઇઝ્ઝુ વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો યોજાઈ
2) 2001માં આજના દિવસે ગુજરાતનું મુખ્યમંત્રી પદ સંભાળનાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર પદ પર સેવાનાં 23 વર્ષ પૂર્ણ
3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનાં વડપણ હેઠળ દિલ્હીમાં ડાબેરી ઉગ્રવાદથી અસરગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજાઈ
4) જમ્મુ કાશ્મીર અને હરિયાણા વિધાનસભા ચૂંટણીની મતગણતરી આવતીકાલે
5) મહિલા ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં આજે ઇંગલેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મુકાબલો
6) બિલિયર્ડ્સમાં પંકજ અડવાણીએ જાડેન ઓંગને 5-1થી હરાવીને સોંઘે સિંગાપોર ઓપન ખિતાબ જીત્યો

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM- MALDIVES PREZ WELCOME

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને માલદીવના રાષ્ટ્રપતિ ડૉ. મહોમ્મદ મુઇઝ્ઝુ વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો ચાલી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં શ્રી મુઈઝુ સાથે પારસ્પરિક હિતના દ્વિપક્ષીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય

મુદ્દાઓ પર ચર્ચા કરશે. આ બેઠક બાદ બંને દેશો વચ્ચે અનેક કરારો પર હસ્તાક્ષર થવાની શક્યતા છે.

અગાઉ માલદીવના રાષ્ટ્રપતિ ડૉ. મોહમ્મદ મુઈઝુનું આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે ગાર્ડ ઓફ ઓનર આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે શ્રીમુઈઝુ અને તેમની પત્ની સાજીધા મોહમ્મદનું સ્વાગત કર્યું હતું. બાદમાં ડૉ. મુઈઝુએ રાજઘાટની મુલાકાત લઈને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી.

## PM MODI PUBLIC LIFE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર પદ પર સેવાને આજે 23 વર્ષ પૂરા થઈ રહ્યા છે. વર્ષ 2001માં આજના દિવસે જ તેઓ સૌ પ્રથમ વાર ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા. કેન્દ્રમાં NDA સરકારે શરૂ કરેલા કલ્યાણકારી કાર્યક્રમ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શરૂ કરેલા તેમના કાર્યોથી પ્રેરિત છે.

'ગુજરાત મૉડલ' તરીકે ઓળખાતા આ અભિયાનોમાં જળ સંરક્ષણ, વૃક્ષારોપણ અભિયાન, બંધારણનો ઉત્સવ, સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન, રમત-ગમત અને સંસ્કૃતિને પ્રોત્સાહન સામેલ છે.

શ્રી મોદીએ લોકભાગીદારી એટલે કે શાસનમાં લોકોની ભાગીદારી પર ભાર મૂક્યો. પ્રધાનમંત્રીએ શરૂ કરેલું ચર્ચિત જળજીવન મિશન 2004, ઉત્તર ગુજરાતના દુકાળગ્રસ્ત વિસ્તારો માટે શરૂ કરાયેલી સુજલામ સુફલામ જળ અભિયાનના અનુભવથી પ્રેરિત છે.

## GUJARAT VIKAS SAPTAH

ગુજરાત સરકાર આજથી વિકાસ સપ્તાહની ઉજવણી કરી રહી છે. 2001માં જ્યારે નરેન્દ્ર મોદી રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા, ત્યારથી અત્યાર સુધી રાજ્યની વિકાસ યાત્રાને દર્શાવવા માટે વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે.

રાજ્યના કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે આ દરમિયાન પ્રસિદ્ધ સ્થળો પર વિકાસ પ્રદર્શની સહિત ઘણા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યના વિકાસમાં નરેન્દ્ર મોદીના મહત્વપૂર્ણ યોગદાન વિશે લોકોને માહિતગાર કરવા માટે, રાજ્ય સરકાર તેમની પરિવર્તનકારી પહેલ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી, અમદાવાદ રિવર ફ્રન્ટ, મોઢેરા સૂર્ય મંદિર, ગિફ્ટ સિટી સહિત  માન્ય 23 પ્રતિષ્ઠિત સ્થળોએ વિકાસ વોકનું આયોજન કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તમામ મંત્રીઓ સાથે આજે ગાંધીનગરમાં ભારત વિકાસ પ્રતિજ્ઞા લેશે.

રાજ્યના આર્થિક વિકાસને પ્રદર્શિત કરવા માટે, સ્ટાર્ટ અપ, નવા શોધકો અને ઉદ્યોગ સાહસિકોના યોગદાનને દર્શાવવા માટે રાજ્યમાં ગુજરાત વિકાસ ઇનોવેશન એક્સ્પોનું આયોજન કરવામાં આવશે. મોબાઈલ એક્ઝિબિશન વાન નરેન્દ્ર મોદીના સંકલ્પો અને સિદ્ધિઓ ખાસ કરીને ભૂકંપ પછી ભુજમાં થયેલ પરિવર્તન, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અને જન ધન સહિત તેમના દ્વારા લેવામાં આવેલી વિવિધ સામાજિક આર્થિક પહેલોને પણ વિડીઓના માધ્યમથી પ્રદર્શિત કરશે.

સાથે જ 3 હજાર કરોડથી વધુની વિકાસ યોજનાઓનો પ્રારંભ કરાશે. હેશટેગ વિકાસ સપ્તાહ ટ્રેન્ડ સાથે સામાન્ય લોકો સરકારના શાસન સંદર્ભે પોતાના વિચારો રજૂ કરી શકશે તેમજ આ આયોજનમાં ભાગ લઈ શકશે.

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં આજે નવી દિલ્હીમાં નક્સલવાદ પ્રભાવિત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે સમીક્ષા બેઠક ચાલી રહી છે. જેમાં આંધ્ર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, તેલંગાણા, ઓડિશા, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહ્યા છે. ગૃહમંત્રાલયના જણાવ્યા પ્રમાણે નક્સલવાદ પ્રભાવિત રાજ્યોના વિકાસમાં મદદ માટે જોડાયેલા પાંચ કેન્દ્રિય મંત્રીઓ પણ આ બેઠકમાં હાજર રહ્યા છે.

આ ઉપરાંત રાષ્ટ્રીય સુરક્ષા ઉપ સલાહકાર અને કેન્દ્ર તેમજ રાજ્યો અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના વરિષ્ઠ અધિકારીઓ પણ ભાગ લઈ રહ્યા છે. ગૃહમંત્રાલયે કહ્યું છે કે કેન્દ્ર સરકાર માર્ચ 2026 સુધીમાં નક્સવાદ પ્રેરિત ઉગ્રવાદના જોખમને સંપૂર્ણ રીતે ખતમ કરવા માટે પ્રતિબદ્ધ છે અને નરેન્દ્ર મોદી સરકારની નીતિને કારણે ઉગ્રવાદી હિંસામાં 72 ટકાનો ઘટાડો થયો છે, જ્યારે વર્ષ 2010ની સરખામણીમાં 2023માં મૃત્યુ આંકમાં 86 ટકાનો ઘટાડો થયો છે.

## LALU YADAV BAIL

દિલ્હીની સ્થાનિક અદાલતે આજે રાષ્ટ્રીય જનતા દળના વડા અને ભૂતપુર્વ રેલવે મંત્રી લાલુ પ્રસાદ યાદવ અને તેમનાં બંને પુત્રોને જમીન સામે નોકરી સંલગ્ન મનીલોન્ડરિંગ કેસમાં જામીન આપ્યા છે. અદાલતે જણાવ્યું હતું કે આરોપીઓની ધરપકડ કર્યાવિના ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

શ્રી યાદવ અને તેમના પુત્રો તેજસ્વી અને તેજપ્રતાપ યાદવ પ્રત્યેકને એક લાખ રૂપિયાનાં વ્યક્તિગત બોન્ડ પર જામીન મંજૂર કરવામાં આવ્યા હતા. કેસની વધુ સુનાવણી 25 ઓક્ટોબરે યોજાશે. અદાલતે તમામ આરોપીઓને તેમનાં પાસપોર્ટ જમા કરાવવા પણ સૂચના આપી હતી.

## MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડર સ્કોર **ABAD** ને ફોલો કરી શકો છો.

## HARYANA COUNTING

હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે આવતીકાલે મતગણતરી થવા જઈ રહ્યું છે. આ માટે 90 જેટલા કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી

પંકજ અગ્રવાલે જણાવ્યું કે આ મતગણતરી કેન્દ્રો તમામ 22 જિલ્લાઓના મુખ્ય મથકો ખાતે બનાવવામાં આવ્યા છે. કાલકા અને પંચકૂલા વિધાનસભા વિસ્તારોમાં થયેલા મતદાનના મતોની ગણતરી પંચકૂલામાં તેમજ નારાયણગઢ, અંબાલા કેન્ટ, અંબાલા સિટી અને મુલના વિસ્તારોની મતગણતરી અંબાલામાં બનાવાયેલા ચાર કેન્દ્રો પર કરવામાં આવશે.

તો યમૂના નગર જિલ્લાની ચાર બેઠકો માટે મતગણતરી યમુના નગરમાં બનાવાયેલા કેન્દ્રો પર થશે. આ રીતે જિલ્લાના દરેક મુખ્ય મથકે જે – તે જિલ્લાની વિધાનસભા બેઠકો માટે મતગણતરી થશે. સીસીટીવી કૅમેરા દ્વારા પ્રત્યેક સ્ટ્રૉંગ રૂમનું નિરીક્ષણ કરવામાં આવશે. ઇલેક્ટ્રૉનિક વૉટિંગ મશીનોને ત્રણ સ્તરીય સુરક્ષામાં રાખવામાં આવ્યા છે. સ્ટ્રૉંગ રૂમની સુરક્ષા માટે હરિયાણા પોલીસ અને અર્ધસૈનિક દળો તૈનાત કરાયા છે.

# J&K– COUNTING

જમ્મૂ કાશ્મીરમાં પણ આવતીકાલે મતગણતરી હાથ ધરાશે. આકાશવાણી જમ્મૂના અમારા પ્રતિનિધિ સુનિલ કૌલ જણાવે છે કે મતગણતરીને લઈને જમ્મૂ કાશ્મીરમાં સઘન બંદોબસ્ત કરાયો છે.

જમ્મૂ કાશ્મીરની કુલ 90 બેઠકો માટે મતગણતરી થશે. રાજ્યમાં ત્રણ તબક્કામાં છેલ્લા દસ વર્ષની સરખામણીએ રેકોર્ડ બ્રેક મતદાન નોંધાયું છે. 873 ઉમેદવારોના ભાવીનો ફેંસલો થશે.

# RBI - MPC

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિ સમિતિની ત્રણ દિવસીય બેઠક આજથી શરૂ થશે. નિષ્ણાતોના મતે આરબીઆઈ ચાવીરૂપ વ્યાજ દરો યથાવત રાખે તેવી શક્યતા છે. ખાદ્ય ફુગાવો અને આર્થિક વૃદ્ધિના જોખમો આરબીઆઈ માટે મુખ્ય ચિંતાની બાબતો છે.

સરકારે રિઝર્વ બેંકને કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ આધારિત છૂટક ફુગાવો 4 ટકાની અંદર જાળવવાનું કામ સોંપ્યું છે. આ મહિનાની શરૂઆતમાં સમિતિની પુનઃરચના કરવામાં આવી હતી. તેમાં ત્રણ નવા સભ્યો જોડાયા હતા. સમિતિના અધ્યક્ષ અને રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસ બુધવારે સમિતિની બેઠકના પરિણામો વિશે માહિતી આપશે.

## DAY CRICKET - WOMEN'S T20 WC

મહિલા T20 ક્રિકેટ વિશ્વ કપમાં આજે શારજાહમાં રમાનારી ગ્રુપ બીની મેચમાં ઈંગ્લેન્ડનો મુકાબલો દક્ષિણ આફ્રિકા સામે થશે. મેચ ભારતીય સમય અનુસાર સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

દરમિયાન ગઈકાલે દુબઈમાં રમાયેલી મેચમાં ભારતે પાકિસ્તાનને 6 વિકેટથી પરાજય આપીને સેમીફાઈનલની આશા જીવંત રાખી છે. પાકિસ્તાને આપેલા 106 રનનો લક્ષ્યાંક ભારતે સાત બોલ બાકી રહેતાજ હાંસલ કરી લીધો હતો. 3 વિકેટ લેનારી અરૂંધતી રેડ્ડીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી હતી. ભારત આગામી બુધવારે શ્રીલંકા સામે અને રવિવારે ઓસ્ટ્રેલિયા સામે ટકરાશે.

દરમિયાન ત્રણ મેચની પુરૂષ T20 ક્રિકેટ શ્રેણીની પ્રથમ મેચમાં ગઈકાલે ભારતે બાંગ્લાદેશને સાત વિકેટે હરાવ્યું હતું.

## BILLIARDS PANKAJ ADVANI

બિલિયર્ડ્સમાં ભારતીય ખેલાડી પંકજ અડવાણીએ ગઈકાલે સ્થાનિક ખેલાડી જાડેન ઓંગને 5-1થી હરાવીને સૌંઘે સિંગાપોર ઓપન ખિતાબ જીતી લીધો છે. અગાઉ અડવાણીએ ક્વાર્ટર ફાઇનલમાં થાઇલેન્ડનાં દેચાવાત પુમજાયેંગને 4-3થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો. તેઓ હવે નવેમ્બરમાં દોહામાં વિશ્વ બિલિયર્ડ્સ સ્પર્ધામાં રમશે.

## SL-CENSUSPOPULATION & HOUSING

શ્રીલંકામાં આજથી 15મી વસ્તી ગણતરી અને આવાસ માટેની રહેણાંક માહિતી એકઠી કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. વસ્તી ગણતરી અને આંકડાશાસ્ત્ર વિભાગના મહાનિર્દેશક અનુજા સેનાવિરત્ને જણાવ્યા પ્રમાણે વસ્તી ગણતરીની પ્રક્રિયામાં શામેલ લગભગ પચાસ હજાર જેટલા અધિકારીઓ લોકોની માહિતી એકત્રિત કરવા માટે દેશભરના ઘરોની મુલાકાત લેશે.

શ્રીલંકામાં દર દસ વર્ષે વસ્તી ગણતરી કરવામાં આવે છે. પરંતુ કોવિડ રોગચાળા અને આર્થિક સંકટને કારણે આ પ્રક્રિયામાં વિલંબ થયો છે. અહી દેશની છેલ્લી વસ્તી ગણતરી 2012 માં હાથ ધરવામાં આવી હતી.

# PAKISTAN-BLAST

પાકિસ્તાનમાં કરાચી વિમાનમથકની બહાર ગઈરાત્રે વિસ્ફોટ થતાં બે વ્યક્તિનાં મૃત્યુ થયા હતા અને 11ને ઇજા થઈ હતી. અલગતાવાદી ઉગ્રવાદી જૂથ બલોચ લિબરેશન આર્મીએ આ હૂમલાની જવાબદારી લેતાં જણાવ્યું છે કે, તેણે ચીની એન્જિયર્સ અને રોકાણકારોનાં ઉચ્ચ સ્તરીય કાફલાને લક્ષ્ય બનાવ્યો છે.